**પ્રશ્ન- : રજકાના વાવેતરમાં શું કાળજી રાખવી જોઈએ ?**

જવાબ: ગુજરાત રજકો-૧ (આણંદ-૨), આણંદ-૩ અને એસ.એસ.-૬૨૭ રજકાની સુધારેલી જાતો છે.

૧૫ નવેમ્બર વાવણી માટે ઉતમ સમય છે, તેમ છતાં ૩૦ ઓકટોબરથી ૧૫ નવેમ્બર સુધી વાવણી કરી શકાય છે.જો રજકાને વર્ષાયુ પાક તરીકે લેવાનો હોય તો વિઘે ૧.૫ કિ.ગ્રા. બિયારણનો દર રાખવો, જયારે બહુવર્ષાયુ પાક માટે બિયારણનો દર ૨.૫ કિ.ગ્રા. રાખવો. રજકાની વાવણી છાંટીને/પુંખીને કરી શકાય. પરંતુ નીંદણ નિયંત્રણ માટે બે હાર વચ્ચે ૨૫ સે.મી.ના અંતરે વાવણી કરવી જોઈએ. વિઘે ૧ કિ.ગ્રા. મેથીનું બિયારણ ભેળવી વાવેતર કરવાથી પ્રથમ વાઢના લીલા ચારા સાથે મેથી મિશ્ર થતાં પાચ્યતા વધારી શકાય.

ઓટને રજકામાં આડી-ઉભી વાવણી પધ્ધતિથી મિશ્ર પાક તરીકે લઈ શકાય છે.

પ્રતિ કિ.ગ્રા. બીજ દીઠ ૩ ગ્રામ થાયરમ/કેપ્ટાનનો પટ આપવો. જે જમીનમાં રજકાની વાવણી પ્રથમ વખત કરવામાં આવતી હોય તોબીજને રાઈઝોબિયમકલ્ચરનોપટઆપવો. વિઘે ૦.૫પેકેટનીજરૂરિયાતરહે છે.

જમીન તૈયાર કરતી વખતે હેકટર દીઠ વિઘે ૧.૫ થી ૨.૫ ટન છાણીયું ખાતર આપવું. વાવણી વખતે વિઘે ૧૭ કિ.ગ્રા. ડાયએમોનિયમ ફોસ્ફેટ અને ૧૩ કિ.ગ્રા. મ્યુરેટ ઓફ પોટાશ આપવું.

નીંદણોનું પ્રમાણ વધે નહીં તે માટે શરૂઆતથી તેને હાથથી ઉપાડી નાખવું અને તે માટે કાપણી પછી તરતજ નિંદામણ કરવું હિતાવહ છે. આંતરવેલ જણાય તો અસર પામેલ છોડ જમીનની સપાટીથી કાળજીપુર્વક કાપી ખેતરની બહાર લાવી બાળી દઈ નાશ કરવો. રાસાયણીક નીંદણ નિયંત્રણ માટે વાવણી બાદ બીજા દિવસે અથવા ૭-૧૦ દિવસ બાદ ભેજવાળી જમીનમાં ૧૦ લીટર પાણીમાં ૩૩ મીલી પેન્ડીમેથાલીન પ્રમાણે ઓગાળી છંટકાવ કરવાથી અમરવેલ સિવાયના મોટા ભાગના નીંદણો ઉગતાં અટકાવી શકાય છે. અમરવેલના નિયંત્રણ માટે જે જગ્યાએ અમરવેલ જોવા મળે તેટલા ભાગમાં રજકાની કાપણી બાદ પેરાકવોટ ૦.૧%નું દ્રાવણ છાંટવું. વાવણી બાદ નીંદણ નિયંત્રણ માટે ૧૦-૧૨ દિવસે ૧૦ લીટર પાણીમાં ઈમાઝેથાપાયર ૨૦ મીલી પ્રમાણે છંટકાવ કરી શકાય.

વાવણી બાદ તરતજ પ્રથમ પિયત ધીમી ગતિથી આપવું. બીજું પિયત એક અઠવાડિયા બાદ અને ત્યાર બાદ શિયાળામાં ૧૦-૧૨ દિવસે અને ઉનાળામાં ૮-૧૦ દિવસે પિયત આપવા જોઈએ.

પ્રથમ કાપણી ૬૦-૭૫ દિવસે ૫૦% ફુલ અવસ્થાએ ધારવાળા દાતરડાથી જમીનની સપાટીથી ૭ સે.મી. ઉંચાઈ રાખી કરવી, ત્યાર બાદ શિયાળામાં ૩૦ દિવસે અને ઉનાળામાં ૨૦-૨૫ દિવસે ૫૦% ફુલ અવસ્થાએ કરવી. વર્ષાયુ પાકમાં વિઘે ૧૧૦ થી ૧૨૫ કિવન્ટલ અને બહુવર્ષાયુ પાકમાં ૧૬૦ થી ૧૭૫ કિવન્ટલ લીલા ચારાનું ઉત્પાદન મળે છે.